This Question Paper contains 12 Printed Pages.

| પ્રશ્ન પેપરનો સેટ નંબર<br>Set No. of Question Paper |
| --- |
| **4** |

453551 **N-10(G)**

**(MARCH, 2012)**

## PART - A

***Time : 75 minutes]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જે કે બધા જ ફરજિયાત છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગથી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ) ને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

**1** થી **50** પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી સાચા વિકલ્પનો ક્રમ અક્ષર પર સીટમાં પેનથી ઘટ્ટ કરવું. (પ્રત્યેકનો **1** ગુણ)

**1.** નાગરિકનું અનિવાર્ય લક્ષણ કયું છે?

(A) ફરજ (B) અધિકારો

(C) સાંપ્રદાયિકતા (D) પ્રાદેશિકતા

**2.** બાળ મજૂરીનું મુખ્ય કારણ કયું છે?

(A) બેકારી (B) વસ્તીવધારો

(C) ગરીબી (D) ભ્રષ્ટાચાર

**3.** વ્યક્તિ, સમાજ અને દેશના વિકાસને અવરોધતું પરિબળ કયું છે?

(A) સદ્ભાવના (B) બિન સાંપ્રદાયિકતા

(C) સાંપ્રદાયિકતા (D) રાષ્ટ્રીય એકતા

**4.** ભારતમાં અસ્પૃશ્યતા હિન્દુ ધર્મ અને બીજા કયા ધર્મમાં હતી?

(A) બૌધ્ધ ધર્મ (B) જૈન ધર્મ

(C) શીખ ધર્મ (D) ખ્રિસ્તી ધર્મ

**5.** એલિફન્ટાની ગુફાઓ જે દ્વીપનો ભાગ છે, ત્યાં સૌ પ્રથમ કયાં વિદેશીઓ આવ્યા હતા ?

(A) અંગ્રેજો (B) ફ્રેન્ચો

(C) પોર્ટુગલો (D) ડેનિશ

**6.** કઈ વિદ્યાપીઠના બૌધ્ધ આચાર્ય નાગાર્જુને વનસ્પતિ ઔષધોની સાથે રસાયણ ઔષધો વાપરવાની ભલામણ કરી હતી?

(A) તક્ષશિલા (B) વલ્લભી

(C) વિક્રમશીલ (D) નાલંદા

**7.** દુનિયાનો સૌથી ભવ્ય બુલંદ દરવાજો નીચેનામાંથી કયા બાદશાહે બંધાવ્યો હતો?

(A) બાબર (B) હુમાયુ

(C) અકબર (D) શાહજહા

**8.** ''સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.'' આ ઉક્તિ કઈ જગ્યાઓ લખાયેલી છે?

(A) આગ્રાના કિલ્લાના પ્રવેશદ્વાર પર

(B) હુમાયુના મકબરા પર

(C) મોતી મસ્જીદની દીવાલ પર

(D) તાજમહેલમાં આવેલ મુમતાઝની કબરની મહેરાબ પર

**9.** કોઈપણ નાગરિકને ખોદકામ દરમ્યાન અચાનક કોઈ પૌરાણિક, પ્રાચીન, કલાત્મક ચીજવસ્તુ કે અવશેષો મળી આવે તો કયા ખાતાના અધિકારીને તે સોંપવાની જવાબદારી નાગરિકની રહે છે?

(A) સંગ્રહાલય ખાતું (B) પુરાતત્ત્વ ખાતું

(C) ખાણ ખનીજ ખાતું (D) ગ્રાહક સુરક્ષા ખાતું

**10.** વિજયનગર સામ્રાજ્યનો છેલ્લો રાજા નીચેનામાંથી કોણ હતો?

(A) રામરાય (B) કૃષ્ણ દેવરાય

(C) હરિહર રાય (D) બુક્કા રાય

**11.** નીચેનામાંથી એક જોડકું બંધ બેસતું નથી.

(A) પોંગલ - તમિલનાડુ

(B) બિહુ - અસમ

(C) ઓનમ - કેરલ

(D) ગણગોર - પંજાબ

**12.** અબરખનો ઉપયોગ કયા વાહનની બનાવટમાં થાય છે?

(A) રેલવે એન્જિન (B) વિમાન

(C) સાઈકલ (D) બસ

**13.** ઉદ્યોગોનું વર્ગીકરણ માલિકીપણાને આધારે જૂથમાં વહેંચતા એક જૂથ અલગ પડે છે.

(A) ખાનગી સાહસ (B) જાહેર સાહસ

(C) ભાગીદારી પેઢી (D) સંયુક્ત સાહસ

**14.** નીચેના પૈકીનું કયુ વિધાન ખોટુ છે?

(A) પંજાબ અને હરિયાણા સિંચાઈ ક્ષેત્રે અગ્રેસર રાજ્યો છે.

(B) કૂવા અને ટ્યૂબવેલ સિંચાઈના મુખ્ય માધ્યમો છે.

(C) સ્વતંત્રતા પછી ભારતમાં કુલ સિંચાઈ ક્ષેત્ર લગભગ દશ ગણું વધી ગયું છે.

(D) પૂર્વ અને દક્ષિણના રાજ્યોમાં તળાવ દ્વારા સિંચાઈ થાય છે.

**15.** કયો ઉદ્યોગ જળપ્રદૂષણ ફેલાવતો નથી?

(A) રસાયણ ઉદ્યોગ (B) કાપડ ઉદ્યોગ

(C) કાગળ ઉદ્યોગ (D) ઈલેક્ટ્રોનિક ઉદ્યોગ

**16.** નીચેનામાંથી કયા કોલસાનો પ્રકાર નથી?

(A) એન્થ્રેસાઈટ (B) બિટયુમિનસ

(C) લિગ્નાઈટ (D) હેમેટાઈટ

**17.** નીચેનામાંથી કયુ ખનીજ કીમતી ખનીજ નથી?

(A) ટીટાનિયમ (B) પ્લેટિનમ

(C) ચાંદી (D) સોનું

**18.** મને ઓળખી કાઢો : નીચેનું એક વિધાન ખોટું છે.

(A) હું ધુમાડા વગરનો સફેદ કોલસો છું - જળ વિદ્યુત

(B) હું કચ્છના પાનન્ધ્રો ક્ષેત્રમાંથી મળુ છું - ખનીજ તેલ

(C) હું પૃથ્વીનો મૂળ ઊર્જા સ્ત્રોત છું - સૌર ઊર્જા

(D) હું ભારતમાં સૌથી વધુ સૂર્ય શક્તિ મેળવતું રાજ્ય છું - ગુજરાત

**19.** અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે રાષ્ટ્રીય આયોગની સ્થાપના કરવામાં આવી છે. જેના મુખ્ય કાર્યોમાં એક બંધ બેસતું નથી.

(A) આ જાતિના રક્ષણ સંબંધી બાબતોની દેખરેખ તપાસવી.

(B) તેમના હકો માટે આવેલી ફરિયાદો તપાસવી.

(C) સામાજિક, આર્થિક વિકાસની રાષ્ટ્રીય યોજનાઓ માટે માર્ગદર્શન આપવું.

(D) વડાપ્રધાનને રિપોર્ટ આપવો.

**20.** કાલીદાસની કઈ કૃતિ વાંચીને જર્મન કવિ ગેટે , તે ગ્રંથ માથે મૂકી નાચી ઉઠયો હતો?

(A) માલવિકા અગ્નિમિત્રમ્ (B) ઋતુ સંહાર

(C) વિક્રમોર્વશીયમ્ (D) અભિજ્ઞાન શાકુંતલમ્

**21.** આતંકવાદ કયા પ્રકારની સમસ્યા છે?

(A) સ્થાનિક સમસ્યા (B) વૈશ્વિક સમસ્યા

(C) પ્રાદેશિક સમસ્યા (D) રાષ્ટ્રીય સમસ્યા

**22.** ગુજરાતમાં કયાં સ્થળ પાસેથી વિવિધ આકારના નાના-મોટા અકીકના પથ્થરો મળી આવે છે?

(A) જયપુર (B) રાયપુર

(C) રાણપુર (D) ખડગપુર

**23.** કોના સમયથી પ્રકૃતિના વિવિધ તત્ત્વોમાં પહાડો પૂજનીય ગણાય છે?

(A) નોર્ડિક (B) નેગ્રીટો

(C) નિષાદ (D) કિરાત

**24.** ભારતની સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોમાં કયું એક લક્ષણ નથી ?

(A) પ્રાચીનતા અને સાતત્ય (B) વિવિધતામાં એકતા

(C) અસહિષ્ણુતા (D) આધ્યાત્મિકતા અને ભૌતિકવાદ

**25.** સરકાર દ્વારા ભાવ વધારો નીચેની કઈ ચીજ પર આદેશ બહાર પાડીને થતો નથી?

(A) પેટ્રોલિયમ પેદાશો (B) શાકભાજી

(C) વીજળી (D) કુદરતી ગેસ

**26.** આર્થિક ઉદારીકરણની નીતિથી કયો એક ગેરલાભ થયો છે?

(A) હૂંડિયામણની અનામતમાં વધારો થયો છે.

(B) ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું છે.

(C) આંતર રાષ્ટ્રીય બજારમાં હરિફાઈ કરવાની આપણી શક્તિ વધી છે.

(D) આર્થિક અસમાનતામાં વધારો થયો છે.

**27.** આંતર રાષ્ટ્રીય ખાદ્ય પદાર્થોને પ્રમાણિત કરતી સંસ્થા કઈ છે?

(A) FAO (ખાદ્ય તથા ખેતી સંગઠન)

(B) WHO (વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન)

(C) ISI (ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટયુટ)

(D) CAC (કોડેક્સ એલિમેટેરિયસ કમિશન)

**28.** કઈ સંસ્થાઓમાં મહિલાઓને 33% બેઠકો અનામત રાખવાની જોગવાઈ અમલમાં છે?

(A) તમામ શિક્ષણ સંસ્થાઓમાં

(B) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં

(C) સંસદ અને ધારાસભાઓમાં

(D) જાહેર ક્ષેત્રની સંસ્થાઓમાં

**29.** આયોજનમાં આર્થિક વિકાસની જવાબદારી કયા ક્ષેત્રને સોંપવામાં આવી છે?

(A) ખાનગી ક્ષેત્રને (B) જાહેર સાહસને

(C) સંયુક્ત સાહસને (D) સહકારી ક્ષેત્રને

**30.** પ્રદૂષણ ફેલાતુ અટકે તે માટે બળતણ તરીકે શાનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) પ્રાકૃતિક વાયુ (B) પેટ્રોલ

(C) ડીઝલ (D) કેરોસીન

**31.** ગુજરાતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન કયા જીલ્લામાં થાય છે?

(A) જામનગર (B) અમરેલી

(C) રાજકોટ (D) જૂનાગઢ

**32.** ઉજવણીના વિવિધ દિવસોને યોગ્ય ક્રમમાં જોડી નીચે આપેલો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| *(a)* | 21 માર્ચ - | (1) | જૈવ વિવિધતા દિવસ |
| *(b)* | 4 ઓક્ટોબર - | (2) | વિશ્વ પર્યાવરણ દિન |
| *(c)* | 29 ડિસેમ્બર - | (3) | વન્ય પ્રાણી દિવસ |
| *(d)* | 5 જૂન - | (4) | વિશ્વ વન દિન |

(A) *a* - 4 , *b* - 3 , *c* - 2 , *d* - 1

(B) *a* - 3 , *b* - 2 , *c* - 4 , *d* - 1

(C) *a* - 4 , *b* - 3 , *c* - 1 , *d* - 2

(D) *a* - 4 , *b* - 1 , *c* - 3 , *d* - 2

**33.** નીચે આપેલા ખેતીના પાકો તથા તેમના ઉત્પાદન પ્રદેશથી કયુ જોડકુ અલગ પડે છે?

(A) ઘઉં – ભાલનો પ્રદેશ

(B) કપાસ - સોનેરી પાનનો મુલક

(C) તમાકુ - ચરોતર પ્રદેશ

(D) શેરડી - દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર

**34.** જ્યાં વરસાદ ઓછો પડે છે. અને સિંચાઈની સગવડતાઓ પણ અલ્પ છે. ત્યાં થતી ખેતીને શું કહે છે?

(A) સ્થળાંતરિત ખેતી (B) શુષ્ક ખેતી

(C) આર્દ્ર ખેતી (D) સજીવ ખેતી

**35.** બાગાયતી ખેતી માટે કઈ બાબત જરૂરી છે?

(A) ટેક્નિકલ જ્ઞાન (B) યંત્રો, ખાતર, સિંચાઈ

(C) પરિવહનની સુવિધા (D) ઉપરની ત્રણેય બાબત જરૂરી છે.

**36.** નીચે આપેલા જોડકા લક્ષમાં લઈ ચાર વિકલ્પ પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| *(a)* | રાણી સિપ્રીની મસ્જિદ | (1) | પાટણ |
| *(b)* | હીરા ભાગોળ | (2) | સિધ્ધપુર |
| *(c)* | રૂદ્ર મહાલ | (3) | ડભોઈ |
| *(d)* | રાણકીવાવ | (4) | અમદાવાદ |

(A) $a$ - 4 , $b$ - 2 , $c$ - 3 , $d$ - 1

(B) $a$ - 4 , $b$ - 2 , $c$ - 1 , $d$ - 3

(C) $a$ - 4 , $b$ - 1 , $c$ - 3 , $d$ - 2

(D) $a$ - 4 , $b$ - 3 , $c$ - 2 , $d$ - 1

**37.** આપણા બંધારણમાં માન્ય ભાષાઓને કયા અનુચ્છેદમાં સ્થાન અપાયું છે?

(A) પાંચમા (B) છઠ્ઠામા

(C) આઠમા (D) સાતમા

**38.** પ્રાચીન ભારતના નગર આયોજન ક્ષેત્રે નિપુણતા ધરાવતા શહેરના અવશેષો હાલ ગુજરાતમાં કયાં સ્થળેથી મળી આવેલા છે?

(A) મોહેંજો-દડો (B) હડપ્પા

(C) ધોળાવીરા (D) સિધ્ધપુર

**39.** ભારતીય વૈદકશાસ્ત્ર વિશે પાશ્ચાત્ય વિવેચક સર વિલિયમ હંટરે આ પ્રમાણે નોંધ કરી છે.

(A) ભારતીય વૈદકશાસ્ત્ર, વૈદવિદ્યાના સમગ્ર ક્ષેત્રને આવરી લે છે.

(B) તેમાં દવા બનાવવાની ઝીણવટ ભરી વિધિઓ આપેલી છે.

(C) દવાઓનું વર્ગીકરણ તથા તેનો ઉપયોગ કરવાની સૂચનાઓ પણ આપેલ છે.

(D) ઉપરની ત્રણેય બાબતનો સમાવેશ થાય છે.

**40.** ભારત એક આધ્યાત્મ પ્રધાનદેશ છે. તેથી....

(A) ભારતીય કલા સદૈવ સાંપ્રદાયિક રહી છે.

(B) ભારતીય કલા સદૈવ ધર્મપ્રધાન રહી છે.

(C) ભારતીય કલા સદૈવ પ્રગતિશીલ રહી છે.

(D) ભારતીય કલા સદૈવ સજીવ રહી છે.

**41.** નીચે આપેલા જોડકા લક્ષમાં લઈ ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| *(a)* | મેઘાલય | (1) | દેવ રહતી |
| *(b)* | ઝારખંડ | (2) | લિંગ દોહ |
| *(c)* | મહારાષ્ટ્ર | (3) | ઈરિંગોલ કાવૂ |
| *(d)* | કેરલ | (4) | સરના અને જહેડા |

(A) *a* - 2 , *b* - 3 , *c* - 1 , *d* - 4

(B) *a* - 2 , *b* - 1 , *c* - 4 , *d* - 1

(C) *a* - 2 , *b* - 4 , *c* - 3 , *d* - 1

(D) *a* - 2 , *b* - 4 , *c* - 1 , *d* - 3

**42.** ભૂમિ આવરણમાં ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટી, રજ વગેરે હોય છે. જે 'રેગોલિથ' તરીકે ઓળખાય છે. આ રેગોલિથમાં શરૂઆતમાં ફક્ત ........... હોય છે.

(A) કેવળ ખનીજ દ્રવ્યો (B) હવા

(C) જૈવિક દ્રવ્યો (D) પાણી

**43.** ભારતના જંગલ વિસ્તારોને ટકાવારીની દષ્ટિએ ઉતરતા ક્રમમાં (વધુ ટકા જંગલોથી ઓછા ટકા જંગલો તરફ) ગોઠવણી કરતા નીચેનો સાચો ક્રમ પસંદ કરો.

(A) અંદમાન-નિકોબાર, હિમાલયનો પર્વતીય વિસ્તાર, ગુજરાત, હરિયાણા

(B) હિમાલયનો પર્વતીય વિસ્તાર, હરિયાણા, ગુજરાત, અંદમાન-નિકોબાર

(C) અંદમાન-નિકોબાર, ગુજરાત, હરિયાણા, હિમાલયનો પર્વતીય વિસ્તાર

(D) હરિયાણા, ગુજરાત, હિમાલયનો પર્વતીય વિસ્તાર, અંદમાન-નિકોબાર

**44.** નીચે આપેલા જોડકા લક્ષમાં લઈ ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| *(a)* | શ્રી હેમચંદ્રાચાર્ય લાઈબ્રેરી | (1) | ભોપાલ |
| *(b)* | પ્રિન્સ ઓફ વેલ્સ સંગ્રહાલય | (2) | હૈદરાબાદ |
| *(c)* | સાલાર જંગ સંગ્રહાલય | (3) | મુંબઈ |
| *(d)* | રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય | (4) | પાટણ |

(A) *a* - 4 , *b* - 3 , *c* - 2 , *d* - 1

(B) *a* - 4 , *b* - 2 , *c* - 3 , *d* - 1

(C) *a* - 4 , *b* - 3 , *c* - 1 , *d* - 2

(D) *a* - 4 , *b* - 1 , *c* - 2 , *d* - 3

**45.** રેલમાર્ગ ગેજની પહોળાઈને આધારે નીચેનો એક પ્રકાર નથી.

(A) મેટ્રોરેલ (B) બ્રોડ ગેજ

(C) મીટર ગેજ (D) નેરો ગેજ

**46.** દેશની કુલ આવકને દેશની વસ્તી દ્વારા ભાગવામાં આવતા દરેક વ્યક્તિને પ્રાપ્ત થતી સરેરાશ આવક એટલે ---

(A) વાર્ષિક આવક (B) માથા દીઠ આવક

(C) દૈનિક આવક (D) કૌટુંબિક આવક

**47.** નીચે દર્શાવેલ દેશોના કયા જૂથની રોજગારીમાં ખેતીનો ફાળો ખૂબ ઓછો - નજીવો ગણાય છે?

(A) ભારત, નેપાળ, શ્રીલંકા (B) મલેશિયા, ઈન્ડોનેશિયા, ભૂતાન

(C) બ્રાઝિલ, આર્જેન્ટિના, ચીલી (D) અમેરિકા, બ્રિટન, જાપાન

**48.** વિશ્વ વ્યાપાર સંગઠનની ભારતીય અર્થકારણ પર થનારી અસરમાં કઈ બાબત સાચી નથી?

(A) ભારતની કાપડ તેમજ તૈયાર વસ્ત્રોની નિકાસમાં ભારે વધારો થશે.

(B) વિશ્વ વ્યાપારમાં ભારતનો હિસ્સો વધશે.

(C) નવી ટેકનોલોજી થી કાર્યક્ષમતામાં વધારો થશે.

(D) ખેત પેદાશોની નિકાસ ઘટશે.

**49.** કયુ શહેર પંજાબ રાજ્યનું ગરમ કાપડ ઉત્પાદનનું કેન્દ્ર નથી?

(A) અમૃતસર (B) ધારીવાલ

(C) ગુડગાંવ (D) લુધિયાણા

**50.** કયો ઉદ્યોગ ઉત્પાદન કેન્દ્ર સાથે બંધબેસતો નથી?

(A) કાપડ ઉદ્યોગ - અમદાવાદ

(B) ખાતર ઉદ્યોગ - સિંદરી

(C) જહાજ ઉદ્યોગ - વડોદરા

(D) સિમેન્ટ ઉદ્યોગ - ચેન્નાઈ

# N-10(G)

**(MARCH, 2012)**

## PART - B

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ **ચાર** વિભાગ છે. અને **18** પ્રશ્નો છે.

(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

(3) પ્રશ્ન-**18** નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

(4) નવો વિભાગ નવા પાનેથી લખવો.

## SECTION - A

● નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **1** થી **5** ના ગુણ સરખા છે. દરેકના **2** ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો.

**1.** ભારતની નદીઓ અતિ પ્રાચીન કાળથી આજ દિન સુધી પવિત્ર 'લોકમાતાઓ' રહી છે. શાથી? **2**

**2.** મોહેં-જો-દડો નગરની ગટર યોજનાનો પરિચય આપો. **2**

**અથવા**

**2.** ખજૂરાહોના મંદિરોનો પરિચય આપો.

**3.** આપણા વારસાના સંરક્ષણની બાબતમાં લોકોની શી ભૂમિકા હોઈ શકે? **2**

**4.** જમીન ધોવાણ એટલે શું? **2**

**5.** ભારતમાં કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ સર્જાઈ છે - કારણ આપો. **2**

**અથવા**

**5.** ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા ટેકનિકલ સુધારા જણાવો.

## SECTION - B

- નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **6** થી **10** ના ગુણ સરખા છે. દરેકના **2** ગુણ છે. માગ્યા મુજબ જવાબ આપો.

**6.** વૃષ્ટિ જળસંચય કેવી રીતે કરી શકાય? **2**

**7.** તફાવત આપો : એન્થ્રેસાઈટ કોલસો અને બિટયુમિનસ કોલસો. **2**

**8.** ખાંડ ઉદ્યોગ વિશે ટૂંકનોંધ લખો. **2**

**9.** તફાવત સમજાવો : મૂડીવાદી પધ્ધતિ અને સમાજવાદી પધ્ધતિ. **2**

**10.** નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો. **2**

## SECTION - C

- નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **11** થી **15** ના ગુણ સરખા છે. દરેકના **3** ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો.

**11.** પ્રાચીન ભારતીય કલા, વણાટ અને ભરત ગૂંથણ વિશે પરિચય આપો. **3**

**12.** પ્રાચીન ભારતનો વૈજ્ઞાનિક ક્ષેત્રે વારસો જણાવો. **3**

**અથવા**

**12.** વાસ્તુશાસ્ત્ર વિશે નોંધ લખો.

**13.** જંગલોનું મહત્વ સમજાવો. **3**

**14.** કાળુનાણું, દાણચોરી, સંગ્રહખોરી વિશે સમજાવો. **3**

**15.** માનવ વિકાસ માપવા માટેના નિર્દેશકોની વિગતે સમજ આપો. **3**

**અથવા**

**15.** ગુજરાતમાં મહિલા સશક્તિકરણ ક્ષેત્રે હાથ ધરાયેલા કાર્યો જણાવો.

## SECTION - D

- નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક **16** થી **18** ના સરખા ગુણ છે. દરેકના **5** ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર લખો.

**16.** પ્રાચીન ભારતીય સાહિત્યમાં બૌધ્ધ સાહિત્ય, ગુપ્ત સાહિત્ય અને ગુજરાતી સાહિત્યનો પરિચય આપો. **5**

**17.** વિશ્વ શ્રમ બજાર વિશે નોંધ લખો. **5**

**અથવા**

**17.** શ્રમ શક્તિનું આયોજન સમજાવો.

**18.** ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. **5**

(1) શેરડી ઉત્પન્ન કરતો પ્રદેશ.

(2) તાંબા ઉત્પાદનનું કોઈપણ એક પ્રાપ્તિ સ્થાન.

(3) ભાખરા-નાંગલ બહુહેતુક યોજના.

(4) લોખંડ - પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્ર (નામ દર્શાવવું.)

(5) દિલ્હીથી મુંબઈ રેલમાર્ગ (અમદાવાદ થઈને)

**18.** <u>ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે</u> :

નકશાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. **5**

(1) ભારતમાં શેરડી ઉત્પાદનમાં પ્રથમ રાજ્ય કયું છે?

(2) તાંબાનું ઉત્પાદન કરતું કોઈપણ એક રાજ્ય લખો.

(3) ભાખરા-નાંગલ યોજનાથી કયા રાજ્યોને સિંચાઈનો લાભ પ્રાપ્ત થયો છે?

(4) લોખંડ - પોલાદ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ લખો.

(5) દિલ્હીથી મુંબઈ રેલમાર્ગના બે અટક સ્થાનોના નામ લખો.

---